જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૯/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૪૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬૫ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તથા જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૭૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. અને પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૫૦/૨૦૨૫**

નરોડાઃ શશાંક સચિદાનંદ પાઠક (ઉ.વ.૪૪) (રહે. સ્નેહલ માંગલ્ય સુર્યમગ્રીન ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ રામોલ) એ તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ખોખરા તથા નરોડા પરમ વ્હીલ્સ એલ.એલ.પી. પટેલ સમાજ રોડ જુની રૂબી કોચ બિલ્ડ કંપની પાસે નેશનલ હાઈ–વે–૮ નરોડા ખાતે મહીન્દ્રા કંપની શો–રૂમમાં સેલ્સ એકજીક્યુટીવ તરીકે નોકરી કરતા ધ્રુવ યોગેશભાઇ કાનાણી (રહે. સુકેતુ રેસીડન્સી ડાયનેસ્ટી રેસ્ટોરન્ટ નિકોલ નરોડા) નાઓએ તા.૦૬/૧૨/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગ્રાહક પાસેથી ગાડી બુકીંગના રૂપિયા ૮,૬૧,૦૦૦/– મેળવી લઈ મહીન્દ્રા કંપની પરમ વ્હીલ્સ એલ.એલ.પી. શો–રૂમમા રૂપિયા જમાં નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૫૧/૨૦૨૫**

“એમ” ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ બળદેવભાઈ સરતાનભાઈ રબારી (ઉ.વ.૫૯) (રહે.બાબાભાઈની ચાલી ભુદરપુરા ગામ સેટેલાઈટ) તા.૦૩/૦૯/૨૦૨૫ કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક શ્રી રામ સિંગ–ચણાની સામેથી રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે લોડીંગ રિક્ષા જીજે ૦૧ ડીવાય ૪૨૩૮ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી બળદેવભાઈની રિક્ષાને ટક્કર મારતા બળદેવભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર બળદેવભાઈ રબારીના ભત્રીજા જીગર વાઘુભાઈ રબારીએ “એમ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી યુ.બી.ધાખડા ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ જશોદાનગર સાઇબાબા મંદિર પાસે અક્ષરધામ ઇન્ટરસિટ ખાતે ભાઇના ઘરે રહેતા વિપુલ નાગરાજભાઇ પાટીલ (ઉ.વ.૨૩) (મુળ વતન. મોગરાવાડી વાસંદા બંસ્ડા નવસારી વાસંદા)એ અગમ્ય કારણસર તા.૦૪/૦૯/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પુનમભાઈ વિઠલભાઈ ચલાવે છે.

કાગડાપીઠઃ કાંકરીયા સફલ–૨ ની બાજુમાં કર્ણમુકતેશ્વર ફલેટ ખાતે રહેતા જગદીશભાઇ ઠાકોર નાઓનો ચૌદ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૦૪/૦૯/૨૦૨૫ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી